ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-2448/08/2024 તા.03.08.2024

## ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા અને લોકસભાના સાંસદશ્રી રાજીવ પ્રતાપ રૂડીજીએ રાજકોટ ખાતે કેન્દ્રીય બજેટ સંદર્ભે પત્રકાર પરિષદને સંબોધી.

----

## કેન્દ્રીય બજેટમા દરેક વર્ગને સમાવેશી બજેટ રજૂ થયું છે બજેટમા સમગ્ર દેશને ધ્યાને રાખી બજેટ તૈયાર કરવામા આવે છે કોઇ રાજયને ધ્યાને રાખી તૈયાર કરવામા નથી આવતું. – શ્રી રાજીવ પ્રતાપ રૂડી

-----

## આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા ત્યારથી દેશના દરેક રાજયોને પાછલા 60 વર્ષો કરતા વધુ રૂપિયાની ફાળવણી કરી છે. - શ્રી રાજીવ પ્રતાપ રૂડી

-----

## યુવાઓને રોજગારી મળે તે માટે દેશની સરકારે મેન્ડેટરી કર્યું છે કે 500 ટોપ લીસ્ટેડ કંપનીને 12 મહિના ઇન્ટર્ન રાખવા જરૂરી છે આનાથી પાંચ કરોડ યુવાનોને આવતા પાંચ વર્ષ ઇન્ટર્નશીપ કરવાની તક મળશે.- શ્રી રાજીવ પ્રતાપ રૂડી

-----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા અને લોકસભાના સાંસદશ્રી રાજીવ પ્રતાપ રૂડીજીએ રાજકોટ ખાતે કેન્દ્રીય બજેટ સંદર્ભે પત્રકાર પરિષદને સંબોધી. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા અને દેશનુ બજેટ રજૂ થયુ હતું.

શ્રી રાજીવ પ્રતાક રૂડીજીએ સંબોધન કરતા જણાવ્યું કે, કેન્દ્રીય બજેટમા દરેક વર્ગને સમાવેશી બજેટ રજૂ થયું છે બજેટમા સમગ્ર દેશને ધ્યાને રાખી બજેટ તૈયાર કરવામા આવે છે કોઇ રાજયને ધ્યાને રાખી તૈયાર કરવામા નથી આવતું. બજેટ તૈયાર થતા પહેલા દેશનુ વિઝન અને મહત્વકાંક્ષા,આતંરાષ્ટ્રીય સ્થિતિ પર ધ્યાન આપવામા આવે છે. અમેરિકાની ચૂંટણી વિષે જણાવ્યુ કે, અમેરિકાની ચૂંટણીના મુદ્દા પણ દેશને અસર કરી શકે છે. વિદેશના દેશોની નીતી પણ ભારતને

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

અસર કરે છે. હાલમા યુક્રેન અને રશિયાતેમજ ઇઝરાયલ અને ફિલીસ્તીન જેવા દેશોમા યુદ્ધ ચાલી રહ્યુ છે તે સ્થિતિ પણ ભારતને પ્રભાવીત કરે છે અને કેન્દ્રની સરકાર આ મુદ્દાઓને ધ્યાને લેતી હોય છે.

શ્રી રાજીવજીએ વધુમા જણાવ્યું કે, રોજગાર અને સ્વરોજગાર પર બજેટમા ભાર આપવામા આવ્યો છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા ત્યારથી દેશના દરેક રાજયોને પાછલા 60 વર્ષો કરતા વધુ રૂપિયાની ફાળવણી કરી છે. બજેટમા ચાર વિષયો પર ભાર વધુ આપ્યો છે. જેમા મહિલા,યુવા,ખેડૂતો અને ગરિબોનો સમાવેશ છે. ચૂંટણી પહેલા ભાજપે જાહેરાત કરી હતી કે ખેડૂતોની ઉપજની જે કિમંત આવે છે તેના પર 50 ટકા વધુ કિમત ચૂકવવામા આવશે તેનો પણ આમા સમાવેશ કરવામા આવ્યો છે.સરકારે આગામી પાંચ વર્ષ ફ્રીમા અનાજ આપવાની યોજનાને પણ લંબાવી છે. આ વખતના બજેટની થીમ રોજગારી હતી. પાંચ યોજના ભારતમા લાવવામા આવી છે જે યુથ સાથે સબંધિત છે. યુવાઓને રોજગારી મળે તેના પર ધ્યાન આપવામા આવ્યું છે. બજેટમા ખેડૂતો માટેની જાહેરાત અંગે વિસ્તૃત માહીતી આપી.

શ્રી રાજીવજીએ વધુમા જણાવ્યું કે, મહિલાઓને સશક્ત કરવા પર ભાર આપવામા આવ્યો છે. ઇન્ડસ્ટ્રીયલ પ્રોડકશન સેકટરમા પણ મહિલાઓની ભાગીદારી વધી રહી છે. સરકારી નોકરીમા પણ હવે મહિલાઓની સંખ્યા વધી છે. મહિલાઓ ઇન્ડ્રસ્ટી સેકટરમા કામ કરે છે તેમના માટે રહેવાની સુવિધા પણ ભારત સરકાર કરશે. ITI થી સ્કીલ ડેવ્લોપમેન્ટ વધારવા તેની ગુણવતામા સુધારો કરવા 1 હજાર ITI શરૂ કરવામા આવશે. જે પણ યોજના આજે જાહેર કરવામા આવે છે તેના પરિણામ લાબા સમયે જોવા મળે છે. બજેટમા હાયર એજ્યુકેશન માટે લોનની યોજનાને અપગ્રેડ કરી છે. પીએમ આવાસ યોજના અંતર્ગત 3 કરોડ ઘરોના નિર્માણની જાહેરાત કરી છે.મુદ્રા લોન અંતર્ગત જે 10 લાખની રકમ મળતી હતી તે વધારી 20 લાખ કરવામા આવી છે.

શ્રી રાજીવજીએ ઇન્ટનશીપ યોજના અંગે જણાવ્યું કે, લીસ્ટેડ કંપની પણ આપણે આપણા યુવાઓને ટ્રેનિંગ મળે તે માટે ભાર આપી શકતા ન હતા. દેશની સરકારે મેન્ડેટરી કર્યુ છે કે 500 ટોપ લીસ્ટેડ કંપનીએ 12 મહિના ઇન્ટર્ન રાખવા જરૂરી છે આનાથી પાંચ કરોડ યુવાનોને આવતા પાંચ વર્ષ ઇન્ટર્નશીપ કરવાની તક મળશે.અર્બન ડેવલોપમેન્ટ દેશ ના વિકાસમાટે મહત્વનુ છે. 3 કરોડ ઘરોમા સોલર પેનલ લગાવવા સબસીડી મળશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

નેતૃત્વમા ભારતે તેના પાડોશી દેશો સાથે ઘણા સારા સંબોધ વિકસાવ્યા છે. આ વખતનુ બજેટ દેશના આવનાર પાંચ વર્ષના વિઝનને ધ્યાને રાખી જાહેર કરવામા આવ્યું છે.

આ પ્રેસ કોન્ફરન્સમા શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશભાઇ દોશી, પ્રદેશ મીડિયાના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે,સૌરાષ્ટ્ર ઝોનના પ્રવકતાશ્રી રાજુભાઇ ધ્રુવ, ,ધારાસભ્યશ્રીઓ શ્રી દર્શીતાબેન,શ્રી ઉદયભાઇ કાનગડ,જીલ્લાના મહામંત્રીશ્રીઓ શ્રી માધવભાઇ,શ્રી વિરેન્દ્રસિંહ તેમજ શ્રી અશ્વિનભાઇ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)